ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

આમ આદમી પાર્ટી ગાંધીનગરની ઝાડુ યાત્રા ૧૦ ગામોમાં ફરી



(તસવીર : દિપક જાની)

સવારથી સાંજ લોકસંપર્ક કરીને પત્રીકાઓ અને ટોપીનું વિતરણ કરાયું

ગાંધીનગર, તા. ૨૯

આમ આદમી પાર્ટી ગાંધીનગર દ્વારા આજે સવારે પંચદેવ મંદિર સે. ૨૨ થી ઝાડુયાત્રાનો પ્રારંભ કરી આસપાસના ૧૦ ગામોમાં ફરીને લોક સંપર્ક કર્યા બાદ સાંજે વાવોલ ગામે ઝાડુયાત્રાની પૂર્ણાહુતી કરી હતી. દસેય ગામોમાં જનજાગૃતિ તથા આમઆદમી પાર્ટીના વિચારો લોકો સુધી પહોંચાડવા માટે પત્રીકાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું.

● અનુસંધાન પાન-૭ પર

'આપ'ની ઝાડુયાત્રાને પોલીસ ઘ-૪ થી આગળ જવા નહીં દે..!

સમગ્ર રાજ્યમાં આમ આદમી પાર્ટી દ્વારા એક નવા વિચાર તથા વિકલ્પ સાથે ભ્રષ્ટાચાર નાબુદીની યાત્રા ફેરવવામાં આવી છે. આ ઝાડુ યાત્રાનું સમાપન રાજ્યના પાટનગર ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે કરવાની જાહેરાત 'આપ' દ્વારા કરવામાં આવી છે. ત્યારે પોલીસે આ રેલીની મહાત્મા મંદિર સુધી જવાની મંજુરી આપી નથી. આ યાત્રા મહાત્મા મંદિર તરફ કુચ કરવામાં આવશે તો તેની પહેલા ઘ-૪ સર્કલે જ યાત્રા રોકી દેવામાં આવશે અને યાત્રાને આગળ જવા દેવાશે નહી. ઘ-૪ સર્કલ સુધી જ યાત્રા લઈ જવાની મંજુરી આપવામાં આવી હોવાની ડી.એસ.પી. શરદ સિંઘલે જણાવ્યું છે.

આસારામને ખાસ વિમાનમાં ગાંધીનગર લાવવા મંજુરીની માંગ

પ્લેનમાં લાવવાનો ખર્ચ આશ્રમ ભોગવશે : બી.એમ. ગુપ્તા : જામીન અરજી સંદર્ભે ૩જીએ સુનાવણી : જરૂર પડે ચાર્ટડ પ્લેનમાં લાવવાની અરજી સંદર્ભે કોર્ટે ૧૦મીએ ઓર્ડર કરશે

ગાંધીનગર, તા. ૨૯

આસારામને જરૂર પડે ત્યારે જોધપુરથી ચાર્ટડ પ્લેનમાં લાવવા માટે મંજુરી મેળવવા તેમના વકીલે કરેલી અરજી સંદર્ભેઆજે ગાંધીનગર કોર્ટમાં હીયરીંગ થયુંહતું. બન્ને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ કોર્ટે આ મામલે આગામી તા. ૧૦ ફેબ્રુઆરીના રોજ ઓર્ડર કરવાનો નિર્ણય જાહેર કર્યો હતો. વધુમાં આસારામની જામીન અરજી સંદર્ભે ૩ ફેબ્રુઆરીના રોજ સુનાવણી હાથ ધરાશે.

યુવતિના યૌન શૌષણ કેસમાં ઝડપાયેલા આસારામની જામીન અરજી સંદર્ભે કોર્ટે આગામી તા. ૩ ફેબ્રુઆરીના રોજ સુનાવણી કરવાનો આદેશ કર્યો છે. આ ઉપરાંત આસારામના વકીલ મારફતે તેમને જરૂર પડે જોધપુરથી ચાર્ટડ પ્લેનમાં લાવવાની મંજુરી આપવાની અરજી સંદર્ભે પણ આજે કોર્ટમાં હીયરીંગની પ્રક્રીયા હાથ ધરવામાં આવી હતી. આ દરમિયાન આસારામને ચાર્ટડ પ્લેનમાં લાવવાની મંજુરી આપવાની રજૂઆત સાથે તેમના વકીલ બી.એમ. ગુપ્તાએ તેમની સારવારના કાગળો રજુ કર્યા હતા. પ્લેનમાં લાવવાનો ખર્ચ આશ્રમ ભોગવશે તેમ પણ તેમણે દલીલમાં જણાવ્યું હતું. જેથી કોઈ અવ્યવસ્થા ન થાય. આ મામલે સરકારી વકીલે આરોપી જોધપુર કોર્ટની કસ્ટડીમાં હવાથી આ કોર્ટ કોઈ ડાયરેક્શન ન આપી શકે તેમ પણ દલીલમાં જણાવ્યુંહતું. આ મામલે કોર્ટે ૧૦મીએ ઓર્ડર કરવાનો આદેશ આપ્યો છે. જ્યારે આસારામની જામીન અરજી અંગે ૩ ફેબ્રુઆરીએ સુનાવણી હાથ ધરાશે. વધુમાં આસારામના વકીલ ગુપ્તાએ ફર્ધર ઈન્વેસ્ટીગેશન માટે પણ કોર્ટમાં અરજી કરી છે.

ખૂણે... ...ખાંચરેથી

- સે. ૩માં પી.એન.જી. ગેસધારકોને લાઈન મરામતને લઈ ગેસ પુરવઠો ખોરવાતાં ગ્રાહકોમાં ચિંતાની લ્હેર પ્રસરી જવા પામી હતી.
- ગાંધીનગરના નાયબ જિલ્લા વિકાસ અધિકારી શ્રી કુચારાના નાનાનું ૧૦૧ વર્ષની જૈફ વયે નિધન થયું છે.
- ગાંધીનગર જિલ્લા સહકારી સંઘની ચૂંટણીને લઈ સહકારી આગેવાનોની બેઠકોનો દોર આરંભાયો છે. ૫૦૦ જેટલા મતદારો આ ચૂંટણીમાં મતદાન કરશે.
- ગુજરાતના એરંડા ઉત્પાદકોની જાગૃતિ માટે ભારતીય કિસાન સંઘ કિસાન જાગૃતિ યોજી રહેલ છે જેનો આજે ગાંધીનગરથી આરંભ થશે.
- ગાંધીનગર જિલ્લા કલેક્ટરશ્રી ડૉ. સ્વરૂપ અને જિલ્લા પોલીસ વડા શ્રી સિંઘલ આજે કલેક્ટર ઓફિસના ચોથા માળે આવેલ ચૂંટણી શાખામાં એક કલાક બેસી અને ચૂંટણીની તૈયારીઓ અંગેની ચર્ચાઓ કરી હતી.
- ગાંધીનગર જિલ્લા પંચાયતની કારોબારી સમિતિ તેમજ બાંધકામ સમિતિની બેઠકો મળી હતી.
- સ્ટેચ્યુ ઓફ યુનિટીના નિર્માણને લઈ રન ફોર યુનિટી બાદ હવે રાઈટ ફોર યુનિટી કાર્યક્રમ અંતર્ગત દેશની ૨.૫૦ લાખથી વધુ શાળાઓમાં નિબંધ સ્પર્ધા યોજવાનું આયોજન કરાયું છે.
- નગરની જાણીતી કલા સંસ્થા 'નૃત્યશ્રી' નાસા ખાતે સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવા માટે પસંદગી પામી છે. ભારતીય નૃત્ય અને ગુજરાતી રાસ-ગરબાની પ્રસ્તુતિ ગાંધીનગરના કલાકારો દ્વારા રજૂ થશે.

છ બોર્ડ-નિગમોના અધ્યક્ષો નિમાયા

ગાંધીનગર, તા. ૨૯

લોકસભાની આગામી ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે ત્યારે ભાજપનું સંગઠન વધુ મજબૂત કરવાની દિશામાં મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ ભાજપના કેટલાંક આગેવાનોને બોર્ડ નિગમોની લ્હાણી કરી છે જેના ભાગરૂપે આજે રાજ્ય સરકાર હસ્તકના જુદા જુદા છ બોર્ડ-નિગમોમાં ભાજપના છ આગેવાનોની અધ્યક્ષ તરીકે નિમણુંક કરી છે જેમાં અમદાવાદ શહેરના ભૂતપૂર્વ મેયર અસિત વોરા, ભૂતપૂર્વ ડેપ્યુટી મેયર દર્શનાબેન વાઘેલા, ભૂતપૂર્વ સાંસદ સભ્ય ભાવનાબેન દવે તથા ભૂતપૂર્વ ધારાસભ્ય ભવાનભાઈ ભરવાડને જુદા જુદા બોર્ડ-નિગમોના ચેરમેન બનાવવામાં આવ્યા છે. બોર્ડ-નિગમમાં નવા અધ્યક્ષોની નિમણુંક આ પ્રમાણે છે

કેશુભા વાઘેલા રાપર-કચ્છ	અધ્યક્ષ,	રાપર વિસ્તાર વિકાસ સત્તામંડળ
ભાવનાબેન દવે અમદાવાદ	ઉપાધ્યાક્ષ,	યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ
અસિત વોરા અમદાવાદ	અધ્યક્ષ,	ગુજરાત રાજ્ય ગૌણ સેવા પસંદગી મંડળ
યોગેશ ગઢવી અમદાવાદ	અધ્યક્ષ,	ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી
ભવાન ભરવાડ અમ.	અધ્યક્ષ,	ગુજરાત ઘેટા અને ઉન વિકાસ નિગમ
દર્શનાબેન વાઘેલા અમદાવાદ	અધ્યક્ષ,	ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ

તાલુકા ખરીદ વેચાણ સંઘનાં બોર્ડ ઓફ ડિરેકટર્સ બિન હરીફ ચૂંટાયા

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર તાલુકા ખરીદ વેચાણ સંઘના બોર્ડ ઓફ ડિરેકટર્સની ચૂંટણી બિનહરીફ થતાં સહકારી વર્તુળોમાં આનંદની લાગણી પ્રસરી જવા પામી છે.

બોર્ડ ઓફ ડિરેકટર્સની ચૂંટણીમાં સર્વશ્રી મહોતજી ઠાકોર, જીતેન્દ્ર પટેલ, બળદેવભાઈ પટેલ, રણછોડભાઈ પટેલ, રમણભાઈ પટેલ, લલિતભાઈ પટેલ, સુરેશભાઈ પટેલ, સોમાભાઈ પટેલ, શંકરભાઈ બારોટ, નિરંજનભાઈ બિહોલા, અમરસિંહ વાઘેલા બનહરિફ ચૂંટાયેલા જાહેર કરાયા છે.

પ્રાંત અધિકારીશ્રીએ આ તમામને બિનહરીફ ચૂંટાયેલા જાહેર કર્યા છે. હવે તંત્ર એ જિલ્લા સહકારી સંઘની ચૂંટણી પર સૌની નજર મંડાઈ છે.

ગાંધીનગર એઆરટીઓ નિવૃત્ત થતાં જગ્યા ચાર્જમાં

મોટર વાહન નિરિક્ષક તરીકે ફરજ બજાવતા મહિલા અધિકારીને ચાર્જ સોંપાશે

ગાંધીનગર, તા. ૨૯

હાઈટેક આર.ટી.ઓ. કચેરીમાં ફરજ બજાવતા એ.આર.ટી.ઓ. આચાર્ય આગામી તા. ૩૧ જાન્યુઆરીના રોજ વય નિવૃત્ત થતા તેમની ખાલી જગ્યાનો ચાર્જ નવ નિયુક્ત મોટર વાહન નિરિક્ષક તરીકે કાર્યભાર સંભાળતા મહિલા અધિકારીને સોંપવામાં આવશે.

નગરની હાઈટેક આર.ટી.ઓ. કચેરીમાં છેલ્લા ઘણા સમયથી મેનપાવરનો અભાવ વર્તાતો હોવાની બૂમ ઉઠવા પામી છે. જો કે થોડા સમય અગાઉ નવા ઈન્સ્પેક્ટરોની ભરતી થતા તંત્રએ થોડી રાહત અનુભવી છે. જ્યારે છાશવારે સર્જાતી ટેકનિકલ ક્ષતિઓના લીધે પણ અરજદારોએ હાલાકી ભોગવવી પડે છે. થોડા સમય અગાઉ પણ સર્વર ડાઉન થતા કચેરીની કામગીરી ઠપ્પ થઈ ગઈ હતી. પેપરલેસ કહેવાતી આર.ટી.ઓ. કચેરીમાં થોડા સમય અગાઉ જ મોટર

● અનુસંધાન પાન-૭ પર

આજે આંબેડકર હોલમાં 'સ્વામી વિવેકાનંદ' નાટક

ગાંધીનગરના આંબેડકર હોલમાં સંગીત નાટક અકાદમીના આર્થિક સહયોગથી કુંતલ નિમાવત દિગ્દર્શિત 'સ્વામી વિવેકાનંદ' નાટક ૩૦મી જાન્યુઆરીને ગુરૂવારે રાત્રે ૯ કલાકે યોજાશે. ગાંધીનગરના કલાકારો અભિનિત 'સ્વામી વિવેકાનંદના જીવન કવનને પ્રસ્તુત કરતું નાટક નિહાળવા કલાપ્રેમીઓને અપીલ કરાઈ છે.

સાંસ્કૃતિક સંસ્થાઓનો ડંકો - આજકાલ ગાંધીનગરની સાંસ્કૃતિક સંસ્થાઓ રાજ્ય બહાર નૃત્યોની પ્રસ્તુતિ કરી ગાંધીનગરનો ડંકો વગાડે છે... સુરમધુર, પનઘટ, નૃત્યશ્રી બાદ જીઈ ક્લબના કલાકારોએ પણ ચાર દિવસના રાજસ્થાનના હસ્તશિલ્પ ઉત્સવમાં સમુહ નૃત્યોની રજૂઆત દ્વારા પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કર્યા હતા. દેશભરના કલાકારોની લગોલગો રહેતા ગાંધીનગરના કલાકારો નગરનું ગૌરવ બને છે. જીઈ ક્લબના કલાકારો સર્વશ્રી પૂજા શાહ, વિરલ મજેઠીયા, શીતલ ખાંભણીયા,પાયલ પરમાર, ઈન્દિરા દેવડા, યુવરાજસિંહ ઝાલા, સાગર દેસાઈ, વિપુલ ચાવડા, કુરેશી અઝરુદીન, યશ પરમાર, મયંક પટેલ, નિતીન રાવત, ભાર્ગવ રાવત, નિલેષ પ્રજાપતિ અને જીગર ઠાકોરે કલાકૌશલ્ય વ્યક્ત કર્યું હતું. (તસવીર : કશ્યપ નિમાવત)

આજે રાજ્યમાં શહીદદીન નિમિત્તે બે મિનિટનું મૌન પળાશે

સવારે ૧૦:૫૯ થી ૧૧:૦૦ સુધી સાયરન ગુંજી ઉઠશે : શહીદો પ્રત્યે શ્રદ્ધા સન્માની ભાવના જાગૃત થાય તે માટે સહકાર આપવા જાહેર જનતાને અપીલ કરવામાં આવી

અમદાવાદ, તા. ૨૯

ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં જે શહિદવીરોએ પોતાના પ્રાણના બલિદાન આપ્યા છે તેવા શહીદોની સ્મૃતિમાં ૩૦મી જાન્યુઆરી, રોજ શહીદ દિને સવારે ૧૧:૦૦ કલાકે બે મિનિટ મૌન પાળી સ્વદેશ માટે પ્રાણની આહુતિ આપનારા શહીદવીરો પ્રત્યેનું ઋણ અદા કરાશે.

સમગ્ર દેશમાં શક્ય હોય તેટલા પ્રમાણમાં કામકાજની અને વાહનવ્યવહારની ગતિને આ બે મિનિટ સુધી બંધ રાખવા ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગ દ્વારા જણાવાયું છે. ગુરૂવાર તા. ૩૦મી જાન્યુઆરી, ૨૦૧૪ના રોજ સવારે ૧૦:૫૯ થી ૧૧:૦૦ કલાક સુધી સાયરન વગાડાશે.

સાયરન બંધ થાય કે તુરંત જ જ્યાં કામ થતું હોય તેવા બધી સ્થળોએ કામ કરનાર સૌ પોતપોતાની જગ્યાએ શાંત ઉભા રહી, શક્ય હોય તો ભેગા મળી, મૌન પાળે, જ્યાં શક્ય હોય ત્યાં વર્કશોપ, કારખાના અને કચેરીઓનું કામકાજ બંધ રાખવામાં આવે. આકાશવાદી બે મિનિટ પોતાના કાર્યક્રમ બંધ રાખે અને રસ્તાઓ પરને વાહન વ્યવહાર શક્ય હોય ત્યાં સુધી થંભી જાય તે જોવા વિનંતી કરવામાં આવી છે. મૌનનો સમય પૂરો થયો છે એમ બતાવવા બરાબર ૧૧:૦૨ થી ૧૧:૦૩ કલાક સુધી સાયરન ફરીથી વાગશે ત્યારે રાબેતા મુજબનું કામકાજ ફરીથી શરૂ કરવું. જે સ્થળોએ સાયરન અથવા અન્ય કોઈ સંકેતની વ્યવસ્થા નથી ત્યાં ૧૧:૦૦ કલાકે બે મિનિટ મૌન પાળવા માટે સંબંધિતોને જાણ કરતાં આદેશો સંબંધિત તમામ કચેરીઓએ બહાર પાડવાના રહેશે.

પશ્ચિમ રેલવે

હેડ ક્વાર્ટર ઓફીસ, ચર્ચ ગેટ, મુંબઈ - ૪૦૦ ૦૨૦

સાંસ્કૃતિક ક્વોટામાં ગ્રુપ 'સી' કેટેગરી હેઠળ ભરતી

સૂચક જાહેરાત

વર્ષ ૨૦૧૩-૧૪ માટે ગ્રુપ 'સી' હેઠળ સાંસ્કૃતિક ક્વૉટા માટે **એક હાર્મોનિયમ વાદક** અને **એક કથ્થક ડાન્સર**ની બે જગ્યા માટે આવેદન મંગાવવામાં આવે છે. આવેદનપત્ર અને અન્ય વિગતો માટે ૧-૨-૨૦૧૪ના રોજ એમ્પ્લોયમેન્ટ ન્યુઝમાં પ્રસિદ્ધ થયેલ એમ્પ્લોયમેન્ટ નોટીસ નં. WR/HQ/R&T/Cultural/2/2013-14 જોવી અથવા www.wr.indianrailway.gov.in પરથી આવેદનપત્ર અને જાહેરાત નોટીસ ડાઉનલોડ કરી શકાશે. ઉમેદવારો ધ્યાન આપો. ચર્ચગેટ હેડક્વાર્ટર ઓફીસને આવેદનપત્ર મળી જાય તેની છેલ્લી તારીખ : ૨૮-૨-૨૦૧૪ છે. યોગ્ય રીતે ભરેલી અરજી પર આ સરનામું લખવું : આસીસ્ટન્ટ પર્સોનલ ઓફીસર (આર એન્ડ ટી) એચક્યુ ઓફીસ, ત્રીજો માળ, જુની બિલ્ડીંગ, ચર્ચ ગેટ, મુંબઈ-૪૦૦૦૨૦

WR કેટરીંગ કમ્પલેઈન આઈડી- 'Cateringcomplaint@wr.railnet.gov.in

PUBLIC NOTICE Notice is hereby given, that the following sub-broker is no longer affiliated as sub-broker of ICICI Securities Ltd., Member of National Stock Exchange of India Ltd. (SEBI Regn. No. INB230773037) and Bombay Stock Exchange Ltd. (SEBI Regn. No. INB011286854), having Corporate office at Shree Sawan Knowledge Park, Plot No. D-507, T.T.C. Industrial Area, MIDC, Turbhe, Navi Mumbai – 400 705. For any queries contact: Sub broker Operations dept at 022-4070 1433. Any person henceforth dealing with below mentioned sub-broker should do so at their own risk. ICICI Securities Ltd. shall not be liable for any dealings with him.

Sr No	Name of the Sub broker	Trade Name	Address	SEBI Regn No & Date
1.	Bharatkumar Narotamdas Patel	Ambica Investment	4-6-27 Jiham Bhai Chali, Kalol, Gandhi Nagar, Gujarat-382721	NSE INB 230978614 / 23-07730 Dated 18 Oct. 2010 BSE INB 010254616 / 01-12888 Dated on 24 Jun 2010

Date : 30.01.2013 Place: Mumbai

By Order of Director ICICI Securities Limited Anup Bagchi

ટચુકડી જાહેર ખબર

દર ગુરુવારે-રવિવારે

ગાંધીનગર સમાચાર

ફોન : ૨૩૨૨૨૫૭૧

આજે ભાજપ પ્રદેશ હોદ્દેદારોની બેઠક

અમદાવાદ, તા.૨૯

પ્રદેશ પ્રવકતા શ્રી આઈ.કે. જાડેજાએ જણાવ્યું છે કે આગામી ૩૦ જાન્યુઆરીના રોજ ભાજપાની પ્રદેશ હોદ્દેદારોની બેઠક અને ૩૧ જાન્યુઆરીના રોજ ભાજપાની પ્રદેશ કારોબારીની બેઠક યોજાશે.

પ્રદેશ અધ્યક્ષ શ્રી આર.સી. ફળદુની અધ્યક્ષતામાં ૩૦ જાન્યુઆરી ગુરુવારના રોજ અમદાવાદ એનેક્ષી ખાતે પ્રદેશ હોદ્દેદારોની બેઠક યોજાશે. જયારે મુખ્યમંત્રીશ્રી નરેદ્રભાઈ મોદી અને પ્રદેશ પ્રભારી શ્રી ઓમજી માથુરની ઉપસ્થિતિમાં તા. ૩૧ જાન્યુઆરી શુક્રવારના રોજ ગાંધીનગર ટાઉનહોલ ખાતે પ્રદેશ કારોબારી બેઠક યોજાશે.

પ્રદેશ કારોબારીમાં રાષ્ટ્રીય પદાધિકારીશ્રીઓ ઉપરાંત પ્રદેશ પદાધિકારીશ્રીઓ, મોરચાના પ્રદેશ અધ્યક્ષશ્રીઓ, સેલના પ્રદેશ કન્વીનરશ્રીઓ, પ્રદેશ કારોબારી સભ્યશ્રીઓ-આમંત્રિત-વિશેષ આમંત્રિત સભ્યશ્રીઓ, જિલ્લા પ્રભારીશ્રીઓ, જિલ્લા/મહાનગરના પ્રમુખ મહામંત્રીશ્રીઓ, જિલ્લા પંચાયતના પ્રમુખીઓ/વિપક્ષ નેતા, મહાનગરના મેયર/વિપક્ષ નેતા તથા લોકસભા બેઠકના ઈન્ચાર્જશ્રીઓ ઉપસ્થિત રહેશે.

આ કારોબારી બેઠકમાં આગામી લોકસભા ચૂંટણી ૨૦૧૪ના સંદર્ભમાં આગામી કાર્યક્રમો અને વિવિધ બાબતો અંગે ચર્ચા વિચારણા થશે.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ

એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા

BIRLA TYRES

તમામ સાઈઝના ઓરીજીનલ ટાયર-ટ્યુબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે

લીકેજ-મુક્ત ઘરો માટે

UltraTech SEAL & DRY Total Waterproofing Solution

Waterproofing ka champion

શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ

એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર

કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.

મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality

C. C. C. (Customer Care Centre) Gandhinagar District

VINAYAK 500 TMT BARS - ISI

ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત

તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૯૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.

ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬

સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સાવન વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com